ગાંધીનગર સમાચાર

**શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં સ્માર્ટ સીટી અંગેના સુચનોની ચર્ચા કરાઇ**

## @ગાંધીનગર

● શુભ સંકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સવારે ૮ કલાકે ગાયત્રી મંદિર, સે-૧ ખાતે નિઃશુલ્ક મેડિકલ ચેક અપ કેમ્પ યોજાશે.

● ગુજરાતી સાહિત્યની ઉપાસના માટે સાંજે ૫-૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે જાણિતા કવિ જીતેન્દ્ર વ્યાસ અને સોમાભાઈ પટેલ દ્વારા કાવ્ય પઠન યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજની યુવા પાંખ દ્વારા સવારે ૯ કલાકે બ્રહ્મભવન, સે-૧૬ ખાતે ડેન્ટલ ચેક અપ કેમ્પ યોજાશે.

● રાજપૂત સમાજ દ્વારા બપોરે ૩ કલાકે રંગમંચ, ઈન્કવાયરી ઓફિસ પાસે, સે-૨૭ ખાતે વિદ્યારત્ન સન્માન સમારોહ યોજાશે.

● પ્રજાપિતા બ્રહ્માકુમારી કૈલાસદીદીનો અલૌકિક સ્નેહમિલનનો કાર્યક્રમ સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય શિવશકિત ભવન સે-૨૮ ખાતે યોજાશે.

● જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન બ્લોક નં. ૫૬/૧ ગેઈટ નંબર ૨ થી ડાબી બાજુ તરફ સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ, સે-૧૨ ખાતે શ્રાધ્ધવિધિ અને સત્યનારાયણની કથા કરાવાશે.

**- નજાહખાનમ સૈયદ**

# શ્રમિક પરિવારના બાળકો ગરબાના સ્ટેપ શીખ્યા

ગાંધીનગર, તા.૧૦

'તારા વિના શ્યામ મને એકલડું લાગે રાસ રમવાને વેલો આવજે' નવલી નવરાતને ત્રણ દિવસ આડે છે ત્યારે શહેરના નવ યુવાનો ગરબે ઘુમવા થનગની રહ્યા છે. ફ્રી સ્ટાઈલ તેમજ અવનવા સ્ટેપ્સ સાથે ગરબા મેદાનમાં ધૂમ મચાવવા નગરના યુવાનો ઉત્સુક બન્યા છે. આ વર્ષે ગરબા ગ્રાઉન્ડમાં શ્રમિક પરિવારોના બાળકો પણ દોઢીયું, પોપટીયું, રાસ સહિત અવનવી સ્ટાઈલ સાથે નવરાત્રીમાં ગરબે ઘૂમતા દેખાશે.

શહેરના સે-૭ ખાતે આવેલ સરકારી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ના અઢીસોથી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોને છેલ્લા દશ દિવસથી પૂજન ડાન્સ કલાસના સંચાલિકા પ્રજ્ઞા ગજ્જર ગરબાની પધ્ધતિસરની તાલીમ આપી રહ્યા છે. દોઢીયુ, પોપટીયુ, બે તાલી, ત્રણ તાલી, હીંચ, રાસ સહિત અત્યારની ફેશનને અનુરૂપ અવનવા સ્ટેપ્સ શીખવાડે છે. નવલી નવરાત્રીને પણ મોંઘવારી નડે છે. શ્રીમંત પરિવારોના બાળકો હજ્જારો રૂપિયા નવરાત્રી માટે ખર્ચી નાંખે છે. નવરાત્રીને આડે બે ત્રણ મહિનાનો સમય હોય ત્યારથી બાળકો ગરબા શીખવા જાય છે અને હજ્જારો રૂપિયા ફી ચુકવે છે. ગરબે ઘુમતા આવા ખેલૈયાઓને જોઈ શ્રમિક પરિવારોના બાળકો ખુશ થઈ જતાં હોય છે.તેઓને પણ વિવિધ સ્ટાઈલના ગરબા શીખી ઘુમવું હોય છે. પરંતુ ગરબા કલાસીસની રૂ. ૧૦૦૦થી ૩૦૦૦ ફી ભરવા તેઓ સક્ષમ ન હોવાથી પાછા પડે છે. શહેરના શ્રમિક પરિવારોના બાળકોની સ્ટાઈલીશ ગરબા શીખવાની ઈચ્છા પરિપૂર્ણ થઈ છે. પૂજન ડાન્સ કલાસના સંચાલિકા પ્રજ્ઞાબેન છેલ્લા આઠ વર્ષથી સે-૧, ૮, ૭, ૨૧, ૨૯ સહિતના સેકટરોમાં આવેલી સરકારી શાળાના બાળકોને ગરબા શીખવે છે. તેઓના ડાન્સ કલાસની આસપાસ રહેતા શ્રમિક હોય તેવા પરિવારના ડાન્સ શીખવાની ઉત્સુકતા વાળા બાળકોને ડાન્સની તાલીમ આપે છે. સે-૭ સરકારી શાળામાં ગરબા શીખતા બાળકો વચ્ચે સ્પર્ધા પણ યોજાશે તેમજ વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે લાયન્સ કલબ દ્વારા સે-૭ સરકારી શાળા દત્તક લેવાઈ છે. પ્રજ્ઞાબેન ઓછા સમયમાં ગરીબ વર્ગના બાળકોને ડાન્સ શીખવી અનેરો આનંદ મેળવી રહ્યા છે.



**આ વર્ષે ગરબા ગ્રાઉન્ડમાં શ્રમિક પરિવારોના બાળકો પણ દોઢીયું, પોપટીયું, રાસ સહિત અવનવી સ્ટાઈલ સાથે નવરાત્રીમાં ગરબે ઘૂમતા દેખાશે**

## વાતવાતમાં

● સે-૨૬ની જયપ્રકાશ સ્કૂલ નજીક મુકવામાં આવેલા બાંકડા પર વિવિધ નાસ્તાના પડીકા અને પાન મસાલાની ચીજવસ્તુઓ વેચતા વેપારીઓ અડ્ડો જમાવી દે છે. બાંકડા નગરના વરિષ્ઠ નાગરિકો અને થાકેલા રાહદારીઓ વગેરની સગવડ માટે મુકાયા છે પરંતુ આવા તત્વોના કારણે તેમને આ સેવાથી વંચિત રહેવું પડે છે.

● ઈન્ફોસીટી ખાતે અમિતાભના આશિક દિલીપસિંહ બિહોલાના કાર્યક્રમમાં ગાંધીનગરના હાસ્ય કલાકાર હરપાસિંહ ઝાલાએ મહેમાનોને મોજ કરાવી હતી. તેમણે 'જોયા કરો ટગર ટગર, એવું છે આ ગાંધીનગર' કહી શ્રોતાઓના દિલ જીતી લીધા હતા.

● આજે બપોરના સુમારે પાટનગર યોજના ભવન સામે ઘ માર્ગ પર પાર્ક થયેલી બોલેરો જીપ પાછળ એક બાઈક સવાર અથડાયો હતો. તત્કાલ બેભાન થઈ ગયેલા બાઈક સવારને ૧૦૮માં સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

● ટુંક સમયમાં સુરત ખાતે રાજયકક્ષાની તરણ સ્પર્ધા યોજાવાની છે. આ સ્પર્ધા અંગે માહિતી મેળવવા ગાંધીનગરના તરણવીરો જિલ્લા રમતગમત કાર્યાલયના ફોન નંબર પર સંપર્ક કરે છે તો યોગ્ય જવાબ મળતો નથી હવે કેવી રીતે 'ખેલશે ગાંધીનગર?'

● ગાંધીનગરના શેરી ગરબા મેદાનોમાં બાળકોએ ગબ્બર બનાવવાની પ્રક્રિયા લગભગ પૂર્ણ કરી દીધી છે. ગબ્બર બનાવી બાળકો ભકિત સાથે સર્જનાત્મકતાના પાઠ પણ શીખે છે.

**- સમીર રામી**
**૯૯૨૪૪૪૬૬૪૫**

# ચિલોડા પોલીસે દારૂની હેરાફેરી કરતી બે ગાડીઓ પકડી









**ચિલોડા સર્કલથી હોન્ડા સીટી અને પાલજથી મારૂતિ વાન પકડાઈ : રૂ. ૮૪ હજારનો દારૂનો જથ્થો જપ્ત : ત્રણ બુટલેગરની ધરપકડ**

ગાંધીનગર, તા.૧૦

દારૂ-બિયરની હેરાફેરી કરતા તત્વો ઉપર તથા શંકાસ્પદ ગાડીઓ ઉપર પોલીસે સઘન વૉચ શરૂ કરી છે ત્યારે ચિલોડા પોલીસે ગઈ રાત્રે હોન્ડા સીટી અને આજે બપોરે મારૂતિ વાન મળીને બે ગાડીઓને દારૂની હેરાફેરી કરતા પકડી પાડી રૂ. ૮૪ હજારના દારૂના જથ્થા સાથે બંને ગાડીઓ જપ્ત કરીને ત્રણ બુટલેગરોની ધરપકડ ચિલોડા પોલીસે કરી સઘન પુછતાછ શરુ કરી છે.

ચિલોડા પીઆઈ વી.એમ. ચાવડાની સુચનાથી તેમની ટીમે દારૂ-બિયરની હેરાફેરી પર સઘન વોચ ગોઠવી છે. ગઈ રાત્રે જમાદાર દેવેન્દ્રકુમાર રાવ તથા તેમની ટીમે ચિલોડા સર્કલ પાસેથી ચોકકસ બાતમીને આધારે સિલ્વર રંગની હોન્ડા સીટી નં. જીજે-૧-એચ.જી. ૬૨૧૩ને ઝડપી લીધી હતી. તેમાંથી ૬૫ હજારની કિંમતની વિદેશી દારૂની બોટલો મળી આવતા પોલીસે ગાડી સહીત રૂ. ૩,૬૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોની ધરપકડ કરી લીધી છે. અમદાવાદ શાહપુરના સર્ફરાઝ અબ્દુલગની શેખ અને ખાનપુરના મહમ્મદ શકીલ સલીમ શેખની ધરપકડ કરી પુછપરછ શરુ કરવામાં આવી છે.તો બીજી તરફ આજે બપોરે બાતમીને આધારે ગાંધીનગર નજીક પાલજ પાટીયા પાસેથી પાલજ ગામના જાવર ગીરધર યાદવને મારૂતી વાન નં. જીજે-૧૮-એ.એમ. ૭૪૨૭માં દારૂની હેરાફેરી કરતા પકડી પાડવામાં આવ્યો હતો. રૂ. ૧૮૮૦૦નો વિદેશી દારૂ જપ્ત કરીને ચિલોડા પોલીસે તેની ધરપકડ કરી ઉંડી પુછપરછ હાથ ધરી છે.

## ઉવારસદમાં દેશી દારૂની સાત ભઠ્ઠીઓ પર પોલીસની રેડ

**૨૪૫ લીટર દેશી દારૂ અને ૬૫૪૦ લીટર દારૂ ગાળવાના વૉશ સાથે સાત બુટલેગર પકડાયા**

અડાલજ પોલીસ ઈન્સ્પેકટર કે.કે. પંડયા તથા તેમની ટીમના કાનજીભાઈ સહીતના માણસોએ ઉવારસદના રાણજીપુરાની સીમમાં ચાલતી દેશી દારૂની સાત ભઠ્ઠીઓ પર દરોડા પાડી સપાટો બોલાવ્યો હતો. અલગ અલગ સાત ભઠ્ઠીઓમાં મળીને પોલીસે દેશી દારૂ ગાળવા માટે વપરાતો ૬૫૪૦ લીટર વૉશ અને ૨૪૫ લીટર દેશી દારૂ જપ્ત કર્યો છે. દારૂના વૉશ અને દેશી દારૂ કબ્જે લઈ પોલીસે સાત બુટલેગરોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આરસોડિયામાં આજે તેજાનંદ સ્વામીની પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૦

કલોલ નજીક આરસોડિયા ગામે તેજાનંદ ધામ, બ્લોક નં. ૨૬૬, આઈ.ટી.આઈ. સામે આરસોડિયામાં પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી તેજાનંદ સ્વામીજીની ૫૫૪મી નિર્વાણ તિથિ તા. ૧૧મી ઓકટોબર ભાદરવા વદ ૧૪ના રોજ છે. આ નિમિત્તે શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ સવારે સાડા નવ વાગેથી યોજાશે તેમ શ્રી તેજાનંદ ધામ પરિવાર આરસોડીયા વાળાઓએ જણાવેલ છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં સ્માર્ટ સીટી અંગેના સુચનોની ચર્ચા કરાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની તાજેતરમાં માસિક બેઠક યોજવામાં આવી હતી. જેમાં શહેર જાગૃત નાગરિક પરિષદના જાગૃત નાગરિક અમૃતભાઈ મોઢ માટે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. ત્યારબાદ શહેરના પ્રશ્નો અને નાગરિક જાગૃત વિષય ઉપર પૂર્વ કલેકટર મંગળભાઈ નાયકે વિસ્તૃત ચર્ચા કરી હતી. ચર્ચામાં પાટનગરને સ્માર્ટ સીટીનો દરજ્જો પ્રાપ્ત કરાવવા માટે નગરને દબાણ મુકત, ઢોર મુકત, વરસાદી પાણીનો નિકાલ, શહેરના દરેક સેકટરોમાં આંતરિક વ્યવસ્થા, સાબરમતી નદી પર રિવરફ્રન્ટ બનાવવો જોઈએ, જીઆઈડીસીનો વિકાસ, સ્ટ્રીટ લાઈટ ઈન્દ્રોડા પાર્કનો વિકાસ, કચરાનો યોગ્ય નિકાલ સહિતના પ્રશ્નોના યોગ્ય નિકાલ માટે સુચનો કરવામાં આવ્યા હતા. બેઠકમાં ભાનુભાઈ પુરાણી, જયોતિન્દ્રભાઈ દવે, રાજેન્દ્ર પારેખ, દશરથભાઈ પરમાર, સોમાભાઈ પરમાર, એસ.ડી.આર. મલ્લીક, મનીષાભાઈ દવે, જે.સી. પરમાર અમરસિંહ ચૌહાણ, જીતેન્દ્ર ત્રિવેદી, કે.પી. પરમાર, જે.વી. ભટ્ટ, અશોકકુમાર ત્રિવેદી, રસીકલાલ નાયક, હસમુખભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા.

## સેકટર-૧૪માં નવરાત્રિ દરમિયાન આનંદના ગરબા

સેકટર-૧૪ અંબાજી મંદિરે નવરાત્રિ અનુષ્ઠાન દરમિયાન આનંદના ગરબા યોજાશે. તા. ૧૨મી ઓકટોબરે નિમિષાબેન પંડયા દ્વારા સવારે ૧૦ થી ૧૨ ગરબા ગવાશે. તા. ૧૩મીએ પુષ્પાબેન પટેલના યજમાનપદે, તા. ૧૪મીએ નિમુબેન શાહ, તા.૧૫મીએ મનીષાબેન, તા. ૧૬મીએ રૂપલબેન ગોસ્વામીના યજમાનપદે, તા. ૧૭મીએ પુષ્પાબેન ચૌહાણના યજમાનપદે, તા. ૧૮મીએ વિજયાબેન શર્માના યજમાનપદે, તા. ૧૯મીએ રમીલાબેન ઠકકરના યજમાનપદે, તા. ૨૦મીએ માલતીબેન સોજાના યજમાનપદે તથા તા. ૨૧મીએ નર્મદાબેન દવેના યજમાનપદે સવારે ૧૦થી ૧૨ આનંદના ગરબા ગવાશે તો ગરબાપ્રેમીઓને ભાગ લેવા જણાવાયું છે.

## ડૉ. ઉષા પાઠકનાં ચિત્ર પ્રદર્શનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૦

ડૉ. ઉષા પાઠકનાં ચિત્રોનું પ્રદર્શન આજથી રવિશંકર રાવળ કલાભવન, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું છે, જે આગામી તા. ૧૨ ઑક્ટોબર સુધી ચાલશે.

આજે સાંજે સાડાચાર વાગ્યે આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન પ્રતિષ્ઠિત કલાકાર અને સંશોધક ડૉ. સુરેશભાઈ શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. ઉષાબેનનાં ચિત્રોમાં ભૂમિદૃશ્યો, ગામ, ખેતર, નદી, તળાવ, પાદર-સીમ, શેઢાનાં ઝાડ, ડુંગરાની ખોપો વગેરે સારી રીતે દૃશ્યમાન થાય છે. તારીખ ૧૧, ૧૨ ઑક્ટોબરના રોજ સવારે ૧૨થી સાંજના ૭ દરમ્યાન આ પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

## નવરાત્રીમાં મશ્કરી-છેડતી અટકાવવા પોલીસનો એકશન પ્લાન

ગાંધીનગર, તા.૧૦

નગરમાં વિવિધ સ્થળોએ અને ગરબા ગ્રાઉન્ડ ઉપર નવરાત્રીનું ભવ્ય આયોજન હાથ ધરાયું છે. જેમાં પોલીસે પણ કાયદો અને વ્યવસ્થાનું યોગ્ય અને ચુસ્ત પાલન થાય તે માટે એકશન પ્લાન ઘડી કાઢયો છે. નવરાત્રીનું પર્વ ઉમંગ અને મોકળાશવાળા વાતાવરણમાં ઉજવાય તે માટે પલીસ સતર્ક રહેશે અને અસામાજીક તત્વો ઉપર કડક વૉચ રાખશે તેવું જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું છે.

મળેલ વિગતો મુજબ ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ જિલ્લાની પોલીસને નવરાત્રી દરમિયાન કરવામાં આવનાર કામગીરીથી વાકેફ કરી ખડે પગે રહેવા સુચના આપી છે. નવરાત્રી પર્વ દરમિયાન કેટલાક લુખ્ખા અને રોમીયોગીરી કરતા તત્વો પોતાની અસલીયત પ્રગટ કરે તે પહેલા તેમને નાથવા પોલીસ દ્વારા એકશન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. જેમાં નગરના વિવિધ ગરબા ગ્રાઉન્ડમાં પોલીસ પણ ટ્રેડીશનલ ડ્રેસ પહેરી ગરબે ઘુમશે અને પ્રેક્ષક તરીકે ખાનગી ડ્રેસમાં પણ બેસશે અને જયાં પણ આવા તત્વો દેખાશે તેમને દબોચી લેશે. વધુમાં મહિલા પોલીસ પણ આકર્ષક ડ્રેસ પહેરી ફરતી હશે જેને આવા રોમીયો અન્ય સમજીને છેડવાનો પ્રયાસ કરશે ત્યાં પણ તેમની ખેર લેવાશે. લારી ગલ્લા કે બાઈક ઉપર બેસી આવતી જતી મહિલાઓ કે છોકરીઓની ઠઠ્ઠા મશ્કરી કરતાં તત્વોને પણ પાઠ ભણાવાનો નિર્ણય લેવાયો છે. બાઈકને ફુલ સ્પીડમાં દોડાવી છોકરીઓ ઉપર ઈમ્પ્રેશન જમાવવાના નુસ્ખા કરતા રોમીયોને પણ ઝડપી પાડવા સુચના અપાઈ છે.

નવરાત્રી પર્વને સાવચેતી અને સુરક્ષિત રીતે લોકો મનાવી શકે તે માટે એલસીબી એસઓજી, સ્થાનિક પોલીસ, મહિલા પોલીસ સહિત તમામ પોલિસ ખડેપગે રહી એલર્ટ રહેશે અને ફરીયાદ સંદર્ભે તાત્કાલીક કાર્યવાહી હાથ ધરશે.

## ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા વિસ્તારમાં સેવાકાર્ય





ગાંધીનગર, તા. ૧૦

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શુક્રવારે ભિલોડા તાલુકાના સુનોક તથા ખારી ગામે ૧૮ ગામોનાં ૧૬૫ જેટલાં વૃધ્ધ, નિરાધાર મહિલાઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ બપોરના સમયે દેવનીમોરી, હિમ્મતપુર, ગોઢ, ફુલ્લા તથા ત્રેપન છાપરાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને ચોપડા, બોલપેન, પેન્સિલ, રબરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બે શાળાઓમાં ભારત વિકાસ પરિષદ દ્વારા દેશભક્તિ ગીત કંઠસ્થ કરાવવામાં આવ્યાં હતાં. ભરત સોની, નવનીત ત્રિવેદી, મિલિન્દ ગુપ્તે આ સેવાકાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા.

## પેથાપુરમાં ૧૨૧ કુંડી અતિરૂદ્ર મહાયજ્ઞ

ગાંધીનગર, તા.૧૦

પેથાપુર મુકામે આગામી નવેમ્બર માસમાં ૧૨૧ કુંડી અતિરૂદ્ર મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

પેથાપુર ગામમાં સાબરમતી નદી કિનારે સ્થિત શ્રી સુખડેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં આ મહાયજ્ઞ આગામી તા. ૨૧થી ૨૫ નવેમ્બર દરમ્યાન યોજાશે, જે નિમિત્તે ધર્મધજા તથા મુખ્ય યજ્ઞકુંડના પાટલાની ઉછામણી બોલવવાની હોવાથી આજે રાત્રે સોમનાથ સોસાયટીની બાજુના મેદાનમાં લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ડાયરામાં બાબુલ બારોટ, દમયંતિ બારોટ, બાબુભા ચૌહાણ, રનતસિંહ વાઘેલા જેવા કલાકારોએ ઉપસ્થિત રહી લોકોને લોકસાહિત્ય અને લોકગીતોની લ્હાણ કરી હતી.

# ગંગાજળનો ધાર્મિક કાર્યોમાં વ્યાપક ઉપયોગ

**અપવિત્રતા તથા અસ્પૃશ્યતા દુર કરવા અને મૃત્યુની અંતિમ ક્ષણો સહિત અનેક કાર્યો માટે ગંગાજળનો ઘેર ઘેર સંગ્રહ**

ગાંધીનગર, તા.૧૦

ભગવાન શંકરની જટામાંથી અવતરેલી ગંગા નદી હિન્દુ સંસ્કૃતિ અને ભારત દેશમાં અતિ પવિત્રતા ધરાવે છે. સ્વર્ગમાંથી ધરતી ઉપર આવવા ભોળાનાથ જેનો સહારો બને છે તે દૈવ્યશકિત ધરાવતી નદીનું જળ હિંદુઓ માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. ઘરમાં કે અન્ય સ્થળોએ ધાર્મિક કાર્યો માટે ગંગાજળ અનિવાર્ય રહ્યું છે. જેથી દરેક હિન્દુઓના ઘરે ગંગાજળનો સંગ્રહ જોવા મળી રહ્યો છે. ગંગાજળના છંટકાવ થકી જે તે સ્થળ પવિત્ર બનતું હોવાની માન્યતા શાસ્ત્રોમાં પણ આલેખાઈ છે અને તે કારણે જ ગંગાજળ નાના-મોટા પાત્રોમાં વેચાણ પણ થાય છે.

ગંગા, ભાગીરથી અને અલખનંદા તરીકે ઓળખાતી પવિત્ર નદીનો ઈતિહાસ જ સ્વર્ગમાંથી ઉદભવ્યો છે. સગરરાજાના પુત્રોને મળેલા શાપ દુર કરવા ભગવાન શિવનું તપ આદરનાર ભગીરથ રાજાને ગંગા નદીના પવિત્ર જળની જરૂરિયાત હતી અને સ્વર્ગમાંથી આ નદીને ધરતી ઉપર લાવવા ભગવાન શિવ જ એકમાત્ર સહારો હતા જેમાં શિવજીએ ગંગા નદીને પોતાની જટામાં ધારણ કરીને ધરતી ઉપર લાવ્યા હતા અને કૈલાસના ગંગોત્રી શિખર ઉપરથી ગંગાનો પ્રવાહ શરૂ થયો હતો. આમ દેવી દેવતાના સમોવડી ગંગા પવિત્ર માનવામાં આવે છે. આત્માના ઉદ્ધાર માટે સ્વર્ગમાંથી આવતી ગંગા નદીના જળનો ઉપયોગ થાય છે જે પરંપરા મુજબ હાલ પણ શુધ્ધતા અને પવિત્રતા માટે ગંગાજળનો વ્યાપક ઉપયોગ બન્યો છે. ધાર્મિક કાર્યોમાં તથા ઘરમાં શુધ્ધતા લાવવા માટે ગંગાજળનો ઉપયોગ કરવામાં આવે છે.







ધાર્મિક પ્રસંગોએ જે તે સ્થળને ગંગાજળથી શુધ્ધ કરાય છે. તેજ રીતે માસિક ધર્મ પછી, બાળકના જન્મ પછી, મૃત્યુની અંતિમ ક્ષણે માનવીને જળ પીવડાવી તથા મૃત્યુ પછી બાર દિવસે શુધ્ધતા માટ ગંગાજળનો વ્યાપક ઉપયોગ કરાય છે. સમગ્ર ભારતમાં દૈવ્યશકિત ધરાવતી એક માત્ર ગંગા નદીની હરિદ્વાર ખાતે હરકી પૌડીમાં સંધ્યા આરતી કરવામાં આવે છે. દેશભરમાંથી આવતા યાત્રાળુઓ ગંગા નદીનું જળ અવશ્ય પોતાની સાથે લઈ જતા હોય છે. વધુમાં ગંગા જળ ભારતભરમાં નાના મોટા પાત્રોમાં વેચાણ પણ થાય છે. અને આ ગંગાજળ દરેક હિન્દુના ઘરે ઉપલબ્ધ હોવાના સંજોગો બન્યા છે. હાલ શ્રાધ્ધ પછી શરૂ થતુ માતાજીનું પર્વ નવરાત્રીમાં પણ ઘટસ્થાપન, હવન કે નૈવધ સમયે પણ ગંગાજળનો ઉપયોગ થતાં બજારોમાં ગંગાજળની માંગમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

## વન્યજીવન પ્રાણી સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૧૦

વનશ્રી ટ્રસ્ટ દ્વારા વન્ય જીવન પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લાની ૮ સ્કુલોમાં વન્યજીવન વન પ્રાણી સપ્તાહના કાર્યક્રમો યોજાયા હતા.

ચિત્રસ્પર્ધા, કવીજ, ફિલ્મ, પર્યાવરણીય સેમિનાર, પાવર પ્રેઝન્ટેશન, નિબંધ, વકતૃત્વ સ્પર્ધા વગેરે કાર્યક્રમો યોજાયા હતા. વિદ્યાર્થીઓન પ્રાણપત્ર, મેડલો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

કાર્યક્રમનું સંચાલન જસી પરમા, આશુતોષ તીવારી, ઉત્કર્ષ ગુપ્તાએ કરેલ હતું. વનશ્રી પ્રમુખ અંજનાબેન નિમાવત્ દવારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિજયા દશમી ઉજવશે

ગાંધીનગર, તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસવક સંઘ ગાંધીનગર દ્વારા તા. ૧૧ ઓકટોબરને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે વગડાવાળી માતાના મંદિર, સે-૩ ખાતે વિજયા દશમી ઉત્સવનો કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં પ્રમુખ અતિથિ તરીકે જીલુભા ધાંધલ અને મુખ્ય વકતા તરીકે હરેશભાઈ ઠકકર ઉપસ્થિત રહેશે તેમ નગરના સંઘ ચાલક મનુભાઈ મોદીએ જણાવ્યું છે.

## ચિરવિદાય

● સ્વ. કમળાબા હિંમતસિંહ ચૌહાણ, ઉ.વ. ૮૦